**-:: આંક-૭ ની અરજી નીચે હુકમ ::-**

આરોપી નં.૨ તરફેની આરોપીની સામે થયેલ સી.આર.પી.સી.કલમ-૧૭૩ ના રીપોર્ટ અનુસંધાને આરોપી સામે ચાર્જફ્રેમ કર્યા વિના બીનતહોમતે છોડી મુકવા કરેલ ડીસ્ચાર્જની અરજી વંચાણે લીધી. આરોપીના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યાં. જે સામે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યાં.

આરોપી નં.૨ નાએ હાલની અરજી કરી જણાવેલ છે કે, તેઓ હાલ આ ગુનામાં જામીન મુકત છે અને તેઓ તદ્દન નિર્દોષ છે, તેઓએ કોઈ ગુનો કરેલ નથી તથા ચાર્જશીટ સાથે રજુ થયેલ સાહેદોના નિવેદનો ધ્યાને લેતા તેમાં તેઓની સામે કોઈ ગુનો બનતો ન હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. તેઓની સામે કોઈ પ્રાયમાફેસી કેસ નથી, માત્ર રાગધ્વેશ રાખી અને ખોટી ઉપજાવેલી ફરીયાદ તેમની સામે કરેલ છે. જેથી તેઓની સામે કોઈ આ પ્રકારે ગુનો બનતો ન હોય બીન તહોમતે છોડી મુકવા અરજ કરેલ છે.

જે સામે સરકાર તરફે તેઓનો કોઈ જવાબ લેખિત સ્વરુપે રજુ કરવામાં આવેલ નથી.

આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીએ તેમની અરજી મુજબની દલીલ કરી જણાવેલ છે કે, આરોપી નં.૨ નો જે કહેવાતું રેકોર્ડીંગ છે તેમાં કોઈ ભાગ ભજવેલ હોય કે કોઈપણ પ્રકારે તેના નામનો ઉલ્લેખ હોય તેવું જણાય આવતું નથી અને સાહેદોના નિવેદનો ધ્યાને લેતા આરોપી નં.૨ સામે કોઈ ગુનાહિત કાવતરામાં સહભાગી હોય તેવું જણાય આવતું નથી. જેથી આરોપી નં.૨ ને ડીસચાર્જ કરવા અરજ કરેલ છે.

જે સામે સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આરોપી સામેનો ગુનો ગંભીર પ્રકારનો છે અને આરોપી નિર્દોષ છે કે કેમ તે સંપુર્ણ પુરાવો લીધા વિના હાલના તબકકે નકકી કરી શકાય તેમ ન હોય આરોપીની અરજી ના મંજુર કરવા અરજ કરેલ છે.

ઉપરોકત તમામ રજુઆતો તથા ચાર્જશીટ સાથેના સાહેદોના નિવેદનો વંચાણે લીધા, આરોપી સામે આઈ.પી.સી.કલમ-૧૦૭, ૧૨૦-બી મુજબના ગંભીર

પ્રકારના ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે. આરોપી ધ્વારા જણાવવામાં આવેલ હકિકત કે આરોપી નં.ર નું કોઈ સાહેદો ધ્વારા નિવેદનમાં નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી કે તેઓનો કોઈ સ્પષ્ટપણે રોલ નથી તે નિવેદન વંચાણે લેતા મનાઈ આવતું નથી. વધુમાં આરોપી નં.ર ધ્વારા અરજીમાં ચાર્જફ્રેમ કરવા પુરતો પુરાવો છે કે કેમ અથવા ડીસચાર્જ કરવા પુરતા કારણો છે કે કેમ તે નકકી કરવા પાયાના સિધ્ધાંતો એ છે કે, ચાર્જશીટ અને સાક્ષીઓના નિવેદનો મુજબ પુરાવો રજુ થાય અને એનું બચાવપક્ષે કોઈ ખંડન ન થાય તો રજુ થયેલ પુરાવાના આધારે ગુનો સાબીત માની શકાય તેમ હોય તો ચાર્જ ફરમાવવા પુરતો પુરાવો છે અને ડીસચાર્જ કરવા વ્યાજબી પુરતા કારણો નથી એમ ઠરાવવું જોઈએ. આ કામે ચાર્જશીટ અને નિવેદનો મુજબ જો પુરાવો રજુ થાય અને એનું ખંડન ન થાય તો આરોપીને તેની સામે મુકાયેલ ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય એમ હોય અરજી અને દલીલમાં જણાવ્યા મુજબ આરોપી નં.ર ના બચાવના ગુણદોષમાં અત્યારે આ તબકકે પુરાવો લીધા સિવાય ઉતરી શકાય તેમ ન હોય આરોપી ધ્વારા રજુ થયેલ ચુકાદાના ગુણદોષમાં ઉતર્યા વગર આરોપી ધ્વારા રજુ થયેલ હાલની અરજી અંગે નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચિત જણાતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આથી આરોપી નં.ર ની આંક–૭ ની હાલની અરજી ના મંજુર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ:૦૩ મી, માહે:ડીસેમ્બર, સને:૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૩–૧૨–૨૦૨૦,
સ્થળ:જામજોધપુર.

**(જયશ્રીબેન શાંતીલાલ જાદવ)**
જજ કોડ નં.૧૪૨૪
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જામજોધપુર.